amazon.in
Shop now
Discover Amazon.in
Millions of products
Privacy



# વેલેન્ટાઇન ડેની ધામધૂમથી અમદાવાદીઓએ કરી ઉજવણી, થીમ બેઝ્ડ પ્રોગ્રામ્સ યોજાયાં

A latest slider · BREAKING NEWS · GUJARAT NEWS · Feb 14, 2017



**અમદાવાદ-** વેલેન્ટાઇન ડેની આજે ઉજવણી થઇ હતી. પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર હોવાનું કહી કેટલીક સંસ્થાઓ વિરોધ કરી રહી છે પરંતુ તેની સામે જોયા વિના પોતાના પ્રિયપાત્ર માટે પ્રેમની અભિવ્યક્તિનો દિવસ ઉજવવામાં આવ્યો હતો. વેલેન્ટાઇન ડે નિમિત્તે ઠેકઠેકાણે ઉજવણી માટે અવનવાં કાર્યક્રમો ઘડવામાં આવ્યાં હતાં.

'અમદાવાદ વન' મોલ ખાતે વેલેન્ટાઇન ડે ની ઉજવણી કરવામાં આવી હતી. અહીં ફ્લોટીંગ મેસેજીસ હીલીયમ બલૂન ઉપર રજૂ થયા હતા, સાથે સાથે ઇન્સ્ટન્ટ ફોટો ફ્રેમ્સ, આ ઉપરાંત ગેટ-સ્પોટેડ ગેટ લકી ઓફર્સ હાજર દરેક વ્યક્તિ માટે આ દિવસ યાદગાર બની ગયો હતો. સેલ્ફી લેવા માટે વેલેન્ટાઇન ડે થીમ ઉપર ડેકોરેશન કરાયું હતું.

વિવિધ પ્રકારની ગેમ્સ, એક્ટિવિટીઝ, ફૂડ કોર્ટ ડેકોરેશન સાથે કેન્ડલ લાઇટ ડીનર અને લાઇવ મ્યુઝિક અને સાથે સાથે ભવ્ય સુશોભન પણ અહીં વેલેન્ટાઇન ડેના દિવસે મુલાકાતીઓના આનંદમય આગમનનાં કારણો બની ગયા હતા.



'અમદાવાદ વન' મોલ ખાતે આ સ્થળે કેન્ડલ લાઇટ ડીનર અને લાઇવ સંગીતને કારણે યુવાનોના દિલમાં અનેરા રોમાંચનો ઉમેરો થયો હતો. મૂળભૂત આશય એક ધબકતા વાતાવરણ વચ્ચે મુલાકાતીઓને પ્રેમસભર વાતાવરણ પૂરું પાડવાનો હતો. તો, બાયોરીધમ યોગા નામના ફીટનેસ ફોરમે વેલેન્ટાઇન ડે પર ભેટ તરીકે કપલ્સને પરસ્પર બહેતર આરોગ્ય માટે ફ્રી એન્ટિગ્રેવિટી યોગા સેશન્સની ઓફર કરી હતી.

વેલેન્ટાઇન ડેનો રંગદર્શી માહોલ જળવાય તે માટે રેડ ટીશર્ટનો ડ્રેસ કોડ રખાયો હતો અને યોગા માટે સવારથી અલગ અલગ સ્લોટ ઓફર કરવામાં આવ્યો હતો. એન્ટિ ગ્રેવિટી યોગમાં મિક્સ ઓફ પાઇલેટ્સ, એરિયલ એક્રોબેટિક્સ અને યોગા પ્રેરિત વર્કઆઉટ થાય તેવી કસરતો કરાવવામાં આવે છે.

## વેલેન્ટાઇન ડેની ધામધૂમ



## LATEST EDITION



ઈ-મેગેઝિન (ડેસ્કટોપ વર્ઝન)
English Summary

- કવર સ્ટોરી: પર્યાવરણને જાળવવા કરો જૂનાનું નવું!
- લડાઇ શ્યામ-સુંદરની...
- ૩૫૨ કિલોમીટર થઇ જશે હવે ૩૨ કિલોમીટર!

## Recent Posts

ગુજરાતના 2 અફસર સન્માનિત

પેટ્રોલ પમ્પસ ખાતે લાંબી લાઇનોમાં ઊભા રહેવું નહીં પડે, તમારા ઘેર જ પેટ્રોલ, ડિઝલની ડિલીવરી કરાશે

એચડીએફસી બેંકનો ચોથા ત્રિમાસિકગાળામાં ચોખ્ખો નફો 18.3 ટકા વધી રૂ.3,990 કરોડ આવ્યો

યુધ્ધના ભણકારા વચ્ચે શેરબજારમાં શરૂની મજબૂતી પછી નરમાઇ, સેન્સેક્સ 57 પોઇન્ટ માઇનસ

ભારત જો દલાઇ લામાની આળપંપાળ કરશે તો એણે આકરી કિંમત ચૂકવવી પડશે: ચાઇનીઝ મીડિયા મારફત ચીનની સરકારની ચેતવણી

## Chitralekha App